

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ગણાવે ફાયદા, કલ્પનાના મહેલો ચણાવે છે,*
*અમલ પછી, વેપારી મુંઝાય પ્રજા તણાય છે.*
*ભણાવે ઉંઠાં, ઠેર-ઠેર ધૂણાવે તાલીમના ભૂવા -*
*છે વડવાનલ છતાં, શાંત સાગર જણાવે છે.*
*(GST - તોફાન પહેલાંની શાંતિ)*

હાઈકુ

*યુવા બેકાર,*
*પિડાય પ્રવાસન -*
*સળગે સ્વર્ગ !!*
*(કાશ્મીર)*

*રહેતા નથી,*
*રાજકોટના સિંહ-*
*બંધ પાંજરે !!*
*(અમીતભાઈ જો જો તક મળે સિંહ નિકળી જાય છે)*

### ચિંતન

*સુન્નહિ બાંધા સુન્નહિં ગયઉ, હાથાછોડી બેહાથા ભયાઉ ।*
*સંશય સાવજ સબ સંસારા, કાલ અહેરી સાંજ સકારા ॥*

**ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**જે સૂન્યની ઈચ્છા કરે છે તે શૂન્યમાં જ ચાલી જાય છે, અર્થાત્ આશ્રયદાતા પરમાત્માનું ધ્યાન ધરવાને બદલે જે અનહદ શબ્દ સાંભળવાની ઈચ્છા કરે છે, તે શૂન્યરુપ અનહદ શબ્દમાં જ સ્થિત થાય છે. એને ચિત્ત નિરોધરૂપ સમાધિ પ્રાપ્ત થતી નથી તેમજ મોક્ષ પણ મળતો નથી. તે પરમાત્મારૂપી આધાર ને છોડીને નિરાધાર બની જાય છે. પરમાત્મામાં ચિત્તવૃત્તિનો નિરોધ થવાથી આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. જે યાત્રીઓનો સંશય દૂર થયો નથી તે યોગીને કાળરૂપી પારધી મારે છે.**

**સિદ્ધિ પ્રાપ્ત થયા પછી સિદ્ધિઓમાં અટવાઈ જનાર યોગીને સફલતા મળવી કઠણ છે. યોગનાં બે ફળ છે. એ એક સિદ્ધિ અને બીજું મોક્ષ. સિદ્ધિમાં રચ્યાપચ્યા રહેનારા યોગીને મોક્ષ મળતો નથી. અનહદ નાદ સાંભળવા ચાહનારા યોગીઓને પણ મોક્ષ મળતો નથી.**

### સુવિચાર

- મનમાં ઓછું લાવીને શી વાતનું ? જિંદગી છે નામ ઝંઝાવાતનું - **સુરેશ દલાલ**
- 'ના' કહેવાથી કદાચ છબિ બગડે પણ આયનો અકબંધ રહે છે - **અમૃતબિંદુ**
- તમે પોતાના પ્રિય હોવ એ પૂરતું નથી, તમારું કોઈક પ્રિય હોય એ જરૂરી છે - **કાજલ ઓઝા**
- શક્તિની મર્યાદા ભંગ થાય ત્યારે મર્યાદાની શક્તિ ટૂટવા માંડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રતિભા હોય ત્યાં સફળતાની સંભાવના વધુ હોય છે,
  પરંતુ મહેનત હોય ત્યાં સફળતાનો વિશ્વાસ હોય છે - **અખંડ આનંદ**
- દરેક વસ્તુની સીમા નક્કી કરનારની પોતાના સ્વાર્થની કોઈ સીમા નથી હોતી - **બોધિ વૃક્ષ**
- આજનું ઔષધ : બાળકોને પેટમાં કરમ થતા હોય તો કાચા ગાજર ખવડાવવાથી તરત રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

લોકમાન્ય તિલકના ખાસ મિત્ર વિનાયક નારાયણ જોશી હતા. જોશીજીએ પોતાના જીવન ધાર્મિક ક્ષેત્ર માટે અર્પણ કર્યું હતું. તેમણે લોકમાન્યને સલાહ આપતા કહ્યું, 'આપના અખબાર 'કેસરી'માં સ્વરાજની વાતો છાપો છો તો ધાર્મિક આચારોની બાબતના લેખો પણ છાપો, તમે પોતે જો સ્નાન સંધ્યા વગેરે નિત્યકર્મ રોજ કરો તો લોકો પણ તમને જોઈને અવશ્ય અનુકરણ કરશે, કારણ કે ખાસ કૉલેજના યુવાનોનું તમારા પ્રત્યે વિશેષ લગાવ અને લક્ષ છે.' ત્યારે મહારાજે મિત્રને જવાબ આપતા કહ્યું, 'દેશસેવા કરવી એનાથી વધુ વિશેષ કર્તવ્ય સ્નાન સંધ્યા કરવાને હું સ્વીકારી શકતો નથી... દેસ સેવા એ જ મારી સ્નાન સંધ્યા છે. પરદેશીઓ આપણા ધર્મ પર ખોટા પ્રહારો કરે છે, તેનો પ્રતિકાર કરવો એ મારું એક કર્તવ્ય સમજું છું. પણ તે બધામાં દેશનું સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવું તેને હું આદ્ય કર્તવ્ય છે એમ માનું છું. મારા આવા વિચારો અને દેશ સેવામાં જીવન ગાળવું એ જ મારી સ્નાન સંધ્યા બની ગઈ છે અને હું પ્રતિક્ષણે એ કર્યા કરું છું.' વિનાયક જોષીનો આ જવાબ સાંભળી બોલતી બંધ જ થઈ ગઈ.

# પ્રતિભાશાળી વ્યક્તિત્વની અપેક્ષા

**તંત્રીસ્થાનેથી...**

આખરે દેશના પ્રથમ નાગરિક ગણાતા રાષ્ટ્રપતિ પદની ચૂંટણી આવી જ પહોંચી. વળી સૌને એ પણ ખબર છે કે આ ચૂંટણીમાં પ્રજા સીધી રીતે મતદાન નથી કરતી અને એના ચૂંટેલા જનપ્રતિનિધિઓ પણ પોતપોતાની પાર્ટીના આદેશ મુજબ મતદાન કરતા હોય છે એટલે જેવો ઉત્સાહ કે રોમાંચ સામાન્ય નગરપાલિકા કે પંચાયત કક્ષાની ચૂંટણીમાં સરજાય છે. એનો અંશ પણ રાષ્ટ્રના આ સર્વોચ્ચ પદ માટેની ચૂંટણીમાં વરતાતો નથી. રાષ્ટ્રપતિ એમના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન મોટા ભાગનો સમય એમના વિશાળ મહેલ જેવા રાષ્ટ્રપતિભવનમાં જ પસાર કરી દેતા હોય છે. એમના વિદેશ પ્રવાસો પણ કેન્દ્ર સરકારના આયોજન અનુસાર ગોઠવાતા રહે છે. આખરે આપણા રાષ્ટ્રપતિ પાસે કેટલીક અબાધિત સત્તાઓ હોવા છતાં એમના હાથ બંધાયેલા જ રહે છે. એ કટોકટી સિવાયના સમયગાળામાં ફક્ત અને ફક્ત કેન્દ્રીય મંત્રીમંડળની સલાહ મુજબ જ વર્તે છે બલકે એમને કયારેક ન ગમતું હોય તો પણ બંધારણીય ફરજ લેખે એમને 'મારી સરકાર' કહી વડાપ્રધાન અને મંત્રીમંડળ દ્વારા નક્કી કરાયેલ લિખિત ભાષણો વાંચી જવા પડતાં હોય છે. આવી વિસામણ ભરી પરિસ્થિતિ લગભગ દરેક રાષ્ટ્રપતિના કાર્યકાળ દરમિયાન કયારેક તો આવતી જ હોય છે. એ જુદી બાબત છે કે આવી અંતરંગ બાબતો બહુ પ્રકાશમાં નથી આવતી. રાષ્ટ્રપતિ ફકરુદ્દીન અલી અહમદને કટોકટીના ફરમાન પર સહી કરવી પડી હતી તે જગજાહેર છે. બીજી તરફ પ્રતિભાશાળી રાષ્ટ્રપતિ વડાપ્રધાનની ડૉ. રાજેન્દ્ર પ્રસાદ તત્કાલીન વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુની સલાહને અવગણીને સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારમાં સામેલ થયા હતા. જ્ઞાની ઝૈલસિંહને ઓપરેશન બ્યુ સ્ટારથી ઊંડો આઘાત લાગ્યો હતો છતાં તેઓએ રાજીનામું નહોતું આપ્યું પરંતુ રાજીવ ગાંધીની સાથે એ કયારેક સુમેળથી વર્તી શક્યા નહોતા. કેટલાક રાષ્ટ્રપતિઓ ફક્ત પોતાના મનગમતા બિનરાજકીય કાર્યક્રમોમાં જ વ્યસ્ત રહેવાનું પસંદ કરતા રહ્યા છે, જેમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્, ડૉ. ઝાકીર હુસૈન અને ડૉ. એપીજે અબ્દુલ કલામ જેવા મહાનુભાવોનાં નામ ગણાવી શકાય. આ બધા પોતપોતાના વિશિષ્ટ ક્ષેત્રોમાં તો સક્રિય રહ્યા પરંતુ સમકાલીન રાજકીય ઊથલપાથલથી એક સલામત અંતર રાખતા રહ્યા. રાજકીય સૂઝબૂઝ ધરાવતા બહુ ઓછા રાષ્ટ્રપતિઓ આપણને સાંપડ્યા છે, તે દેશની કમનસીબી જ ગણાય. રાજકીય સૂઝબૂઝ અને અનુભવ ધરાવતા રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી હવે વિદાય લેશે અને એનડીએ દ્વારા સમર્થિત રામનાથ કોવિંદ એમનું સ્થાન લેશે. સ્વાભાવિક છે કે કોવિંદનું નામ પ્રણવ મુખર્જી જેટલું જાણીતું નથી. ઘણા બધાએ એ પહેલી જ વાર સાંભળ્યું છે. પરંતુ એમને ઉમેદવાર તરીકે પસંદ કરતા પાછળ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનું ખાસ રાજકીય ગણિત હતું, જેની પોઝિટિવ અસર આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન જ જોવા મળે એવી સંભાવના છે. કોવિંદ કોળી જાતિના છે, જે ઉત્તરપ્રદેશ અનસૂચિત જાતિની યાદીમાં સામેલ છે, જયારે ગુજરાતમાં એનો સમાવેશ ઓબીસી જાતિ તરીકે થયેલ છે. કોવિંદને ગુજરાતના કોળી સમાજે બિહારના રાજયપાલ તરીકે નિયુક્ત થયા પછી સમ્માનિત કર્યા હતા. હવે જયારે તેઓ રાષ્ટ્રપતિ તરીકેનો સર્વોચ્ચ હોદ્દો સંભાળવાના છે ત્યારે ભલે પોતે પક્ષીય રાજકારણથી છેટા રહે પરંતુ એમના પદારોહણથી રાજી થયેલો કોળી સમાજ તો ભાજપે પહેલી જ વાર પોતાના પછાત સમાજને આવડું મોટું બહુમાન આપ્યું હોવાનો ઉપકારભાવ જરૂર અનુભવશે. એનો લાભ ભાજપને આગામી પડકારભરી વિધાનસભાની ચૂંટણીમાં મળી શકશે. રાષ્ટ્રપતિ જેવા સર્વોચ્ચ પદ માટે પણ જાતિસમાજનાં ગણિત મંડાતા થયાં તે આપણી લોકશાહી માટે તંદુરસ્તીની નિશાની નથી, છતાં આશા રાખીએ કે નવા રાષ્ટ્રપતિ એવાં વળગણોથી દૂર રહી પોતાની આગવી મૂઠી ઊંચેરી ઈમેજ અને તટસ્થ મુદ્રા પ્રસ્થાપિત કરે.

# કોર્ટ દ્વારા સ્ત્રીને ભરણપોષણ આપવાના માપદંડ



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

લગ્ન જીવનમાં પડતી તિરાડ અને ત્યારબાદની ન્યાઈક લડતમાં પતિ દ્વારા પત્નીને ભરણપોષણની રકમ આપવાનું પતિને ગમતું હોતું નથી મોટા ભાગના પતિ કોર્ટમાં જણાવે છે કે અમો તો સાથે રહેવા તૈયાર છીએ પરંતુ પત્ની આવતી નથી તેથી અમોએ પત્નીનો ત્યાગ કરેલ નથી પરંતુ પત્નીએ અમારો ત્યાગ કરેલો હોય ભરણપોષણ મેળવવા હક્કદાર નથી પરંતુ સીઆરપીસીની કલમ ૧૨૫ મુજબ પત્ની પતિ સાથે ના રહે અને પતિનો ત્યાગ કરેલ હોય તો પણ કોઈપણ કારણમાં ઉંડા ઉતર્યા સીવાય ફેમીલી કોર્ટના જજ દ્વારા વચગાળાનું ભરણપોષણ પત્નીને આપવાનો હુકમ કરેલ છે તથા મેટર ચાલ્યા પછી તે કાયમી ભરણપોષણનો હુકમ કરી શકે છે.

જો પતિએ છૂટાછેડા મેળવવાની અરજી હિન્દુ મેરેજ એકટની કલમ ૧૩-એ મુજબ કરેલ હોય તો પણ પત્ની આ કેસમાં પણ હિન્દુ મેરેજ એકટની કલમ ૨૪ મુજબ ભરણપોષણ મેળવવા હક્કદાર છે.

મોટાભાગના ભરણપોષણના કેસોમાં પતિની દલીલો હોય છે કે પત્ની સાસરે રહેતી નથી અમારા માતા પિતાનું ધ્યાન રાખતી નથી તેના માતા પિતા ચઢવણી કરે અલગ રહેવા માટે દબાણ કરી ભરણપોષણનો ખોટો કેસ કરેલ છે પત્ની સારૂ કમાય તેમ છે સારૂ શિક્ષણ મેળવેલ છે તેથી ભરણપોષણ માંગવા હક્કદાર નથી.

પત્ની પતિથી અલગ રહેતી હોય ત્યારે જેટલો ખર્ચ એક વ્યક્તિનો ખાધા ખોરાકી, મકાન ભાડુ, કપડાલત્તા વિગેરે જીવન જરૂરીયાતની ચિજવસ્તુની રકમ જેટલું ભરણપોષણ મેળવવા હક્કદાર બને છે.

ઘણીવાર ઉચ્ચ શિક્ષણ મેળવેલ સ્ત્રીને પણ ઘરબહાર કામ કરવા માટે જવા દેવા માટે પતિ કે સાસરીયા અથવા માતા પિતા તૈયાર હોતા નથી બહુજ ઓછી સ્ત્રીઓ બહાર કામકાજ કરતી હોય છે તેથી સ્ત્રી અન્ય ઉપર આધારીત હોય છે રૂઢીગત માનસ ધરાવતા માતા પિતા પણ પોતાની પુત્રીને કમાવા દેવા માટે નોકરી કરવા દેતા નથી તેમજ પુરતુ શિક્ષણ આપતા નથી અને પરણાવી દેવામાં આવે છે.

આપણો સમાજ રૂઢીગત માનસ ધરાવતો પુરૂષ પ્રધાન સમાજ છે જેમાં પુત્રીની કમાણી ખાવીએ પાપ ગણાય છે પરિણામે સ્ત્રીઓ રૂઢીગત રીતે પણ પતિ ઉપર જ લગ્ન બાદ નભતી હોય છે.

રૂઢીગત માનસ ધરાવતા માતા પિતા પણ પુત્રીને ઉચ્ચ શિક્ષણ આપતા અચકાય છે કારણ કે તેમના સમાજમાં પુત્રી ઉચ્ચ શિક્ષણ મેળવેલ હોય તો તેના પ્રમાણમાં પતિ મળવો મુશ્કેલ બને છે કેટલાય રૂઢીગત સમાજોમાં દિકરીને આ કારણથી પણ મા બાપ ઉચ્ચ શિક્ષણથી વંચિત રાખે છે તેથી લગ્ન પહેલા પુત્રી મા બાપ ઉપર અને લગ્ન બાદ પતિ ઉપર જ નિર્ભય હોય છે જે સર્વસામાન્ય બાબત છે.

જયારે લગ્ન જીવન વિષયક બાબતોના પ્રશ્નો ઉભા થાય ત્યારે આવી સ્ત્રી ના છૂટકે ના ઈલાજે જ પતિના ઘરનો ત્યાગ કરે છે ત્યારે ભરણપોષણની લાચારી અને કોર્ટ કચેરીના સમયની બરબાદીનો અનુભવ થાય છે તેથી જ કાયદામાં વચગાળાના ભરણપોષણની જોગવાઈ રાખેલ છે કારણ કે મુખ્ય અરજી ચાલતા પુરાવા સાક્ષી લેતા કોર્ટમાં કેટલો સમય પસાર થાય તે આપણી અદાલતોમાં કહી શકાય નહિ અને ઉપરથી બચાવ પક્ષના યેનકેન પ્રકારના ભરણપોષણ ના આપવું પડે તે માટેના જાત જાતના મુદ્દા કાયદાની ટેકનિકલ બાબતનો ઉપયોગ કરી મેટર ખેંચવામાં આવે ત્યારે આવી વાતમાં સમય પસાર થતો હોય છે પરંતુ અવસર ચુકયા મેહુલાની જેમ આ સમયે બધુ નકામું બની જાય છે પરંતુ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# હરિવર ઊતરી આવ્યા નભથી ગાતા મેઘમલ્હાર, જળ વરસ્યુને થયો હરિનો સીધો સાક્ષાત્કાર



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

હરિવર ઊતરી આવ્યા નભથી ગાતા મેઘમલ્હાર
જળ વરસ્યુ ને થયો હરિનો સીધો સાક્ષાત્કાર.
ફૂંક હરિએ હળવી મારી, ગાયબ બળબળ લૂ
શ્વાસ હરિના પ્રસર્યા માટી સ્વયં બની ખૂશ્બૂ
- ભગવતીકુમાર શર્મા

વર્ષાઋતુનું વર્ણન કેટકેટલા કવિઓ, કેટકેટલા ગાયકો અને સાહિત્યકારો દ્વારા અનેકવિધ પ્રકારે કરવામાં આવ્યું છે. વર્ષાઋતુ એ ધરતીના પ્રસવની ઋતુ છે એમ કાગબાપુ શ્રી દુલા કાગ કહે છે! ખેડૂતો અને ગામડાના નાના નાના ઘરોમાં રહેતા શ્રમજીવીઓ માટે વર્ષાઋતુ એ પ્રશંસાનો નહિ ઊજવણીનો વિષય છે. આપણી ભારતીય સંસ્કૃતિ એટલી સમૃદ્ધ અને વૈવિધ્યસભર છે કે ભલભલા વિદ્વાનો પણ તેની વિશાળતાને જોઈને અંજાઈ જાય છે. પ્રદ્યુમન તન્ના એક સુંદર દ્દષ્ટાંત આપતાં તેમના કચ્છ-ભ્રમણ દરમિયાન બનેલા પ્રસંગ વિષે લખે છે કે :

'કચ્છનાં ભાતીલાં લોકવરણમાં રબારી જેવી રૂપાળી, ખડતલ અને ખુમારીભરી જાતિના એક ભાભુમા. ભાભુમા માળા ફેરવતા બેઠા હતા તેની પાસે જ એક નાની કાંટાળી વાડના ઘેરા વચ્ચે, આછા ભીના પોતમાં વીંટ્યો એક રોપો જોઈ મને કુતૂહલ થઈ આવ્યું; ને નજીક જઈ એ અંગે પૃછા કરી. અમને આવકારતા હળવું હસીને બાઈ બોલ્યા, 'ઈ તો સાંયડી રોપી છે, ભલા!' પળભર તો કીધું ઊકલ્યું નહીં, પણ પછી એક અવર્ણ્ય રોમાચં અનુભવ્યો એ સહજ સર્યા ઉત્તરની ઓળખે. 'છાંયડી' રોપી હતી. બસ લીમડો, વડ-પીપળ કે પછી આંબો-આંબલી, ઝાડના નામનુંય અગત્ય નહોતું! ને વધતાં પહેલાં જ ઘેટાં-બકરાં ચરી ના જાય કે ધખતા ધોમ એને સૂકવી ના દે, માટે ફરતી મેલી હતી કાંટાળી વાડ અને માથે પાતળું ભીનું પોત! જેને વાંચતા - લખતાંયે નહોતું આવડ્યું એવી એક અભણ ગ્રામનારીએ સહજ ઊભર્યા અલંકારની સાથોસાથ આપણી સંસ્કૃતિના એક મૂળભૂત મૂલ્યને પણ દોહરાવ્યું હતું. છાંયડી એટલે છત્ર-છાયા, આશ્રમ અને રક્ષણ. છાંયડી, ભારતના અનેક ઔદાર્ય અને સહિષ્ણુતાનું પરિણામ છે. જગતના અનેક શરણાર્થીઓની પેઢીની પેઢીએ ઓથમાં નિર્ભયપણે ફૂલીફાલી છે; વિવિધ ભાષાઓ અને ધર્મની ચિંતનધારાઓ પ્રગટી પાંગરી છે!'

ચારણી શૈલીમાં કવિ દુલા કાગે લોકસાહિત્યનો અમર વારસો રજૂ કરેલ છે. ચારણી સાહિત્યની મધુરતા, ડિંગળ-પીંગળનું ઘૂંટાયેલું ઘેરું સર્જન, ઘેઘૂર ગળાનો ગહેંકતો અવાજ અને બુલંદીની બેશુમાર વર્ષા એટલે કવિ કાગ બાપુની રજૂઆત અને આવા મોંઘેરા સર્જન અને એ સર્જકે રજૂ કરેલ વર્ષાઋતુનું વર્ણન કેવું અદ્દ્ભૂત હશે! કાગબાપુ કહે છે કે વર્ષાઋતુ એટલે વૈભવ અને વિલાસની ઋતુ. ચોમાસું આવે એટલે ક્ષમપ્રભાના રેલા થાય, (ક્ષણપ્રભા કેટલું સુંદર નામ વીજળીનું!) મેઘગર્જના થાય, મોરલાનો ટેહુંક અને દેડકાનો સાદ. આ તમામ વિષે વિધાનોએ આલંકારિક શૈલીમાં ઘણું લખ્યું હશે પણ કાગબાપુ વર્ષાનું વર્ણન કરતાં કંઈક સાવ અનોખી કલ્પના કરે છે :

''બોલ્યા બોલ્યા મધરાત્યુના મોર,
આ બાપૈયાએ દીધાં રે વરનાં વધામણાં રે લોલ.
વરરાજાનો કાળો પણ મીઠો વાન...
માથડલે કાંઈ શોભે વરને પીળી પીળી પાઘડી રે લોલ.
મોભીડો કોઈ પરણે સૂરજભાણનો રેસ લોલ.
જાનડીયું એ ઓઢ્યા કાળાં ચીર... (વાદળીયું)
વરરાજાને ખંભે નવરંગો ખેસ ધર્યો... (ઈન્દ્રધનુષ)''

કવિની કેટલી સુંદર કલ્પના છે કે સૂરજનો મોભીડો મેઘ ધરતીને પરણવા રૂડાં રૂડાં વાધાં પહેરીને હાલ્યો છે અને હવે સામૈયાની વેળા થઈ છે :

''સામૈયામાં કોરા જળનાં કુમ્ભ (અબોટ પાણી)''
અને સામૈયા લઈ હાલી ગંગા ને ગોદાવરી રે લોલ
આવકારે દેશે તારી જાન
ડુંગરડાની દેરી રે ચંદરવો આખા આભનો રે લોલ...'

વર્ષાઋતુનું કેવું વિરાટ અને દિવ્ય દર્શન કવિ શ્રી દુલાભાયા કાગ અહીં આપણને કરાવે છે. વિરાટ સ્વરુપ એવા નભની ઉપમા આપતા તેઓ લખે છે કે વર્ષાઋતુમાં આભ કંઈક આ પ્રકારે દીસે છે :

''આભમાં કોણે ગોખલો કોર્યો
કે ગોખલામાં દીવો બળે રે લો.
દીવડાના કદીયે ખૂટે નહિ તેલ
દીવડા ઝાઝું બળે.
આભમાં કોણે ચાકળા ચોડ્યા
ચંદરવામાં ભાત્યું ભરી રે લોલ.''
(આભમાં નવલાખ તારાનું અદ્દ્ભૂત વૈશ્વિક શાબ્દિક દર્શન)
''વાગ્યા વાગ્યા પડઘમ ઢમ ઢમ બોલ (મેઘગર્જના)
આભની અટારીએ વરરાજાની પાઘડી રે લો.''

અને હવે જયારે જાન આવી, સામૈયા પણ થયા તો હવે સમય છે ચાર મંગળ ફેરાનો. આ ચાર મંગળ ફેરા એટલે અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો. ધરતી માતા બને, એક કુમારીકા મટીને નવવધુ બને અને પછી અન્નના પ્રસવનો સમય થાય.

''પહેલાં પહેલાં મંગળીયા વરતાય
લાડી કેરે અંગ લીલી ઓઢણી રે લોલ.... (અષાઢ)
બીજાં બીજાં મંગળીયા વરતાય
લાડી કેરે પગલે રે ફૂલડાંની ફાટ્યું ઝરે રે લોલ. (શ્રાવણ)
ત્રીજા ત્રીજા મંગળીયાં વરતાય.
લાડી કેરે અંગ(કેડે) આજ જનેતાના ભાવ ભર્યા રે લોલ. (ભાદરવો)
ચોથા ચોથા મંગળીયાં વરતાય (કંસાર)
ખેતરડાની થાળી આજ કંસરે છલી વળી રે લોલ.'' (આસો)

ધરતી કહે છે કે હું નવવધુ મા બનીશ અને આખા જગતના અન્નની ઉત્પત્તિ થશે !

''વળાવીયો શરદ પૂનમનો ચાંદ
વરરાજા કાંઈ હાલ્યો ઓલી દીવાળીને હાટડે રે લોલ જાન વળાવવાની વેળા આવી અને ભાઈ વરસાદને વળાવી હિમાલયની ઓલી કોર્ય વળાવી આવે છે ત્યારે રસ્તે જતા કન્યા વરરાજાને ઈશારો કરે છે કે લીલી ઓઢણી, ફૂલડાં ને આ બધુંય લાવ્યો પણ મારી કોટે (ડોકમાં) જડવાં કાંઈ નથી.''

સ્વાતિ નક્ષત્રમાં પડેલા વરસાદની એક બૂંદ સમુદ્રમાં જાય અને છીપમાં ઝલાય ત્યારે તેમાંથી બનતા મોતીને લઈને કન્યા માટે મોતીનો હાર જડાવવા માટે વરરાજા સમુદ્રમાં જાય છે અને આ તરફ ધરતી પકવ બને છે. કવિની કેટલી અદ્દ્ભૂત કલ્પના અને વર્ષાઋતુનું કેવું વિશાળ અને વિસ્તૃત દર્શન!

- nehalgadhavi101@gmail.com

# ભારતમાં કોઈ લઘુમતી નથી એટલે લઘુમતી પંચ બરખાસ્ત કરો



**અતિતની આજ**

ડો. હરિ દેસાઈ

- વિશ્વ હિંદુ પરિષદના મતે,મુસ્લિમોની આળપંપાળથી ભારતને પાકિસ્તાન બનાવવાનો કારસો રચાશે
- ભાજપ નેતાને મોદી સરકારે નેશનલ માયાનોરિટી કમિશનના અધ્યક્ષ નિયુક્ત કરતાં જ વિરોધ ભભૂક્યો
- ગુજરાત મૉડેલને ફ્લૉપ ગણાવતા ડૉ.તોગડિયા અને વિહિંપ નેતાઓની જાસૂસી કરાવાતી હોવાનો આક્ષેપ
- રાષ્ટ્રીયસ્તરે ગોવંશ રક્ષા અને રામમંદિર નિર્માણનો મુદ્દો ચગાવીને ભાજપની ભીંસ વધારવાનો પ્રયાસ

ચાલો, મોડે મોડે પણ સંઘ પરિવારની વિશ્વ હિંદુ પરિષદ (વિહિંપ) થકી સહોદર ભારતીય જનતા પક્ષની કેન્દ્ર સરકાર સમક્ષ 'લઘુમતી આયોગને વિખેરવા અથવા બહુમતી આયોગની સ્થાપના' કરવાની માગણી કરાઈ છે. ભારતમાં વિશ્વ હિંદુ પરિષદની સ્થાપના ઑગસ્ટ ૧૯૬૪માં સ્વામી ચિન્મયાનંદના પવાઈ ખાતેના સાંદિપની આશ્રમમાં થઈ, એના છ મહિના પહેલાં વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના શિક્ષણ પ્રધાન જસ્ટિસ મોહમ્મદ કરીમ ચાગલાએ સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં કાશ્મીર વિવાદ સંદર્ભે ભાષણ કરતાં ખૂબ સૂચક નિવેદન કર્યું હતું. આજે પણ જસ્ટિસ ચાગલાના એ વ્યાખ્યાનને મઢાવી રાખવા જેવું છે. તેમણે ૫ ફેબ્રુઆરી, ૧૯૬૪ના રોજ કહ્યું હતું : 'પ્રચલિત અર્થમાં ભારતમાં મુસ્લિમો લઘુમતી નથી. ભારતમાં પાંચ કરોડ (૫૦ મિલિયન) મુસ્લિમો છે. ભારત વિશ્વમાં સૌથી વધુ મુસ્લિમ ધરાવતા દેશોમાં ત્રીજા ક્રમે આવે છે. તેઓ ધરતીના છોરુ છે, તેઓ પ્રજા તરીકે ભારતીય છે. નાગરિક તરીકેના તમામ અધિકાર ભોગવે છે. એમના માટે પ્રત્યેક હોદ્દો ખુલ્લો છે અને હકીકતમાં દેશના સર્વોચ્ચ હોદ્દે તેમાંના ઘણા પહોંચી ચૂક્યા છે... હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ, શીખ, પારસી અને અન્ય તમામને પૂજા-ધાર્મિક સ્વાતંત્ર્ય અને મૂળભૂત અધિકારો અમારા બંધારણે નાગરિકોને સંપૂર્ણપણે આપ્યા છે. અમારે ત્યાં કોઈ ફર્સ્ટ ક્લાસ અને કોઈ સૅકન્ડ ક્લાસ નથી. પ્રત્યેક વ્યક્તિ કાયદા સમક્ષ સમાન છે.' અત્યારે ભારતમાં ૭૯ કરોડ હિંદુઓ સાથે ૧૯ કરોડ મુસ્લિમો વસે છે.

નેહરુ પ્રત્યેની ભાંડણલીલામાં રમમાણ મહારથીઓએ નેહરુની આ નીતિરીતિના ઘટનાક્રમનો વિશદ અભ્યાસ કરવાની જરૂર ખરી. જસ્ટિસ ચાગલા થકી ધર્મરાજ્ય(થિયોક્રૅટિક) પાકિસ્તાનની તુલનામાં ધર્મનિરપેક્ષ (સૅક્યુલર) ભારતની સંયુક્ત રાષ્ટ્રમાં એ વેળા કરવામાં આવેલી વ્યાખ્યાઓનો અભ્યાસ આજે વિશ્વ હિંદુ પરિષદવાળા કરતા લાગે છે. વિહિંપના આંતરરાષ્ટ્રીય સંયુક્ત મહામંત્રી ડૉ. સુરેન્દ્ર જૈનનું 'કાં લઘુમતી પંચ કે આયોગને સમાપ્ત કરો અથવા તો બહુમતી આયોગની રચના કરો' એ સંદર્ભનું નિવેદન વિહિંપની વેબસાઈટ પર ઝગારા મારે છે. ૨૦ જૂન ૨૦૧૭ના આ નિવેદન પૂર્વે ભારત સરકારે રાષ્ટ્રીય લઘુમતી આયોગના અધ્યક્ષપદે ઉત્તર પ્રદેશ ભાજપના નેતા અને પક્ષના લઘુમતી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી રહેલા ગયૂરુલ હસન રિઝવીની નિમણૂક કરી હતી. વિહિંપની ભૂમિકા છે કે આવા લઘુમતી આયોગથી અલગતાવાદ પ્રસરે છે અને બેપાંદડે થાય છે.

ડૉ.જૈનનો વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકારને ખુલ્લો સવાલ છે કે શું લઘુમતી આયોગ ભારતને પાકિસ્તાન બનાવવા તરફ ધકેલવા માગે છે? 'દેશ લઘુમતી પંચ પાસેથી એ જાણવા માગે છે કે ભારતમાં મુસ્લિમ સમાજ પીડિત છે કે અત્યાચારી? વિહિંપ આ સંદર્ભમાં ખુલ્લી ચર્ચા ચાહે છે.' આ ભડકો થયો છે લઘુમતી પંચે શરૂ કરેલી હૅલ્પલાઈનના મુદ્દે. કોઈ મુસ્લિમ પર અત્યાચારની ઘટના બને તો સત્તાવાળાઓને જાણ કરવા માટે લઘુમતી આયોગે એક હૅલ્પલાઈન શરૂ કરી છે. વિહિંપની ભૂમિકા સ્પષ્ટ છે કે ભારતમાં રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ છે પછી લઘુમતી આયોગની શી જરૂર છે? અને લઘુમતીના પ્રશ્નો માટે એ જરૂરી છે તો પછી બહુમતી એટલે કે હિંદુઓના પ્રશ્નો માટે બહુમતી આયોગની રચના કરવામાં આવે.

હવે વિશ્વ હિંદુ પરિષદને ભારત સરકારે અમલી બનાવેલા માલ અને સેવા કર (ગુડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ – જીએસટી)માં જજીયાવેરો દેખાવા માંડ્યો છે. પોતીકી સરકારને ભીંસમાં લેતા હોય એ રીતે વિહિંપના આંતરરાષ્ટ્રીય મહામંત્રી ચંપત રાયે નાણા પ્રધાન અરુણ જેટલીને પત્ર લખીને મંદિર, એમાં પ્રવેશ-દર્શન, પૂજા-સામગ્રી, પ્રસાદ, ગાયનું ઘી તથા અન્ય ગાયનાં ઉત્પાદનોને જીએસટીના અમલથી બહાર રાખવા અનુરોધ કર્યો છે. વડતાલમાં વિહિંપની કેન્દ્રીય પ્રબંધ સમિતિની બેઠકમાં આ બાબતમાં વિશદ ચર્ચા થઈ અને તિરુપતિ સહિતના દેશનાં તમામ મંદિરોમાં ઉપરોક્ત બાબતમાં જીએસટીનો અમલ કરાવાય, એ સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.જોકે હવે મંદિરોમાં વેચાતા પ્રસાદને જીએસટીમાંથી મુક્ત રાખવા વિચારણા શરૂ થઈ છે.

વિહિંપના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. પ્રવીણ તોગડિયાની ઈન્ટૅલિજન્સ બ્યૂરો (આઈબી)ના અધિકારીઓ સામે ફરિયાદ એ છે કે તેઓ વિહિંપના હોદ્દેદારો અને કાર્યકરોની જાસૂસી કરી રહ્યા છે. ડૉ. તોગડિયા થકી વડા પ્રધાન મોદી અને કેન્દ્રના ગૃહ પ્રધાન રાજનાથ સિંહને આ બાબતમાં પત્ર લખીને વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ડૉ. તોગડિયા કહે છે કે અમારા તબીબી બાબતોમાં લોકોને મદદરૂપ થનારા સેવાભાવી કાર્યકરોની આઈબીના અધિકારી તપાસ કરે છે અને એ સંદર્ભમાં તેમણે તાકીદે માફી માગવી જોઈએ. તેઓ ઈન્ડિયન હેલ્થ લાઈન અને હિન્દુ હૅલ્પ લાઈન ચલાવે છે. આ પ્રજાના હિતના કામમાં ગુપ્તચર વિભાગના અધિકારીઓ અવરોધ ઊભા કરી રહ્યા હોવાનું ડૉ. તોગડિયાનું કહેવું છે. નવાઈ તો એ વાતની છે કે ડૉ. તોગડિયાની પોતાની જાસૂસી કરાઈ રહ્યાની ફરિયાદ તો અત્યારના વડા પ્રધાન મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન હતા, ત્યારથી થઈ રહી છે. વિહિંપના આ નેતાનો ફોન ટૅપ થતો હોવાની ફરિયાદ પણ ઊઠી હતી. સંઘ પરિવારમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા નેતાઓની આ ફરિયાદ 'ઑલ ઈઝ વૅલ' નહીં હોવાનો સ્પષ્ટ સંકેત આપે છે.

એક બાજુ, વડા પ્રધાન મોદી ગોરક્ષાના નામે હત્યાઓ કે લોકોની કનડગતને સહન નહીં કરાય એવી ઘોષણા કરતા રહે છે, ત્યારે વિહિંપની

**અનુસંધાન પાના નં. ૭ પર**